# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૧૮/૧૧/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## લીડરની સૌથી બેસ્ટ કવોલિટી એ સકસેસર્સ ક્રિએટ કરવાની હોય છે અને તેના યશકલગીનું મહત્વનું પાસું એ રાઇટ સ્ટ્રેટેજિસ હોય છે : મૃણાલ શુકલ

### ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા યોજાયેલા ફિલ્મો આધારિત ટ્રેઇનીંગ સેશનમાં મહેન્દ્ર સિંહ ધોનીના લીડરશિપના મહત્વના સાત પ્રિન્સીપલ્સ વિષે ઉદ્યોગ સાહસિકોને સમજણ આપવામાં આવી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ફિલ્મો આધારિત ટ્રેઇનીંગ સેશન અંતર્ગત બુધવાર, તા. ૧૬ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ સાંજે ૬:૦૦ કલાકે સમૃદ્ધિ, નાનપુરા, સુરત ખાતે ‘Leadership the Mahi Way’ વિષય ઉપર ટ્રેઇનીંગ સેશન યોજાયું હતું. જેમાં સુરતના જાણીતા થીન્કર, મોટીવેટર અને ગ્રોથ સ્ટ્રેટેજીસ્ટ મૃણાલ શુકલએ ક્રિકેટર મહેન્દ્ર સિંહ ધોનીને કેન્દ્રમાં રાખીને ઉદ્યોગ સાહસિકોને લીડરશિપના મહત્વના સાત પ્રિન્સીપલ્સ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

મૃણાલ શુકલએ જણાવ્યું હતું કે, જ્યારે તમે આક્રમક અને ડાયનેમિકની સાથે હારવાની તૈયારી રાખતા હોવ તો તમારી પ્રગતિ નકકી છે. ક્રિકેટમાં હંમેશા એવું જોવામાં આવ્યું છે કે ક્રિકેટર સારા ખેલાડી હોઇ શકે પણ તેની સાથે સાથે તેઓ સારા લીડર બની શકયા નથી. એકમાત્ર મહેન્દ્ર સિંહ ધોની આ બંને બાબતોમાં ખરા ઉતર્યા છે. તેમનું વકતવ્ય કામ, કુલ, કમ્પોઝડ અને કમ્ફર્ટેબલ રહયું છે. મેચ રમતી વખતે ભારતીય ટીમ માટે પરિસ્થિતિ ભલે વિપરીત થઇ હોય પણ ધોનીના ચહેરા ઉપર ચિંતાનું વર્તુળ નાનું અને ક્ષમતાનું વર્તુળ મોટું રહેતું હતું, જે હમેશા ખેલાડીઓને સારું આપવા માટે પ્રેરે છે.

લીડરને ટીમના ખેલાડીનું ટેલેન્ટ ઓળખતા આવડવું જોઇએ અને ધોનીએ એક મેચ વખતે રોબિન ઉથ્થપ્પાને બોલીંગ આપીને આ બાબત સાબિત કરી દીધી હતી. જ્યારે લીડર ખેલાડીઓની સાથે રહે તો ખેલાડીઓ ચોકકસપણે રાહત અનુભવે છે અને પરિણામ સકારાત્મક આવે છે. તેમણે કહયું કે, યોગ્ય જગ્યાએ યોગ્ય વ્યકિતને બેસાડે એ જ લીડરની આવડત છે. ઇફેકટીવ કોમ્યુનિકેશન એ લીડરની ખાસિયત છે અને આ કોમ્યુનિકેશન કલીયર, કન્સાઇસ, ક્રિએટીવ, કરેજિયસ હોવી જોઇએ.

સાથે જ લીડરના નિર્ણય હમેશા બોલ્ડ અને કન્સીડરેટ હોવા જોઇએ. લીડરશિપ એ પોપ્યુલારિટી કોન્ટેસ્ટ નથી તે લીડરે સમજવું જોઇએ. લીડરમાં હુનર અને ટેલેન્ટ હોવું જ જોઇએ, એને ખુશામતખોરી કરવાની જરૂર નથી. લીડર હમેશા આઉટ ઓફ ધ બોકસ કામ કરે છે. મહેન્દ્ર સિંહ ધોનીના યશકલગીનું સૌથી મહત્વનું પાસું એ રાઇટ સ્ટ્રેટેજિસ હતું. આ ઉપરાંત ધોનીના લીડરશિપમાં લીડર્સ ક્રિએટ કરવાની ખાસિયત જોવા મળી છે, જે અન્ય લીડર્સમાં કયારેય જોવા મળતી નથી. મોટા ભાગે લીડર્સ એક જગ્યાએ ચોંટીને વર્ષો સુધી બેસી રહે છે પણ ધોનીના કેસમાં આવું નથી બન્યું. એણે કેપેબલ સકસેસર્સને ડેવલપ કર્યા છે અને તેઓને આગળ વધવાનો ચાન્સ આપ્યો છે.

લીડરશિપના સાત પ્રિન્સીપલ્સ જેવા કે લીડર કયારેય વિપરીત પરિસ્થિતિમાં વિચલિત થતો નથી. લીડરનું કેલકયુલેટી માઇન્ડ પર્ફોમન્સ વખતે પરિસ્થિતિ મુજબ નિર્ણયો લઇ શકે છે. લીડર એ વર્ષો જૂની પરંપરાને તોડવાનો દાખલો બેસાડે છે અને ઇનોવેશન ઉપર ઘ્યાન કેન્દ્રીત કરે છે. લીડર એ હમેશા નિરપેક્ષ ભાવે કયારેય લીડરશિપ અને પોલિટિકસને ભેગું થવા દેતો નથી તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ચેમ્બર ઓફ કોમર્સના માનદ્ મંત્રી ભાવેશ ટેલરે સેશનમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરના માનદ્ ખજાનચી ભાવેશ ગઢીયાએ પ્રાસંગિક વિધી કરી હતી. ચેમ્બરની સોફટ સ્કીલ્સ ડેવલપમેન્ટ કમિટીના ચેરમેન ચિરાગ દેસાઇએ વકતાનો પરિચય આપ્યો હતો. જ્યારે કમિટીના સભ્ય સીએ બિપિન હિરપરાએ સેશનનું સમગ્ર સંચાલન કરી સર્વેનો આભાર માની સેશનનું સમાપન પણ કર્યું હતું.